**નવસારીના મે. અધિક જ્યુડિશિયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, મુ. નવસારી.**

**ફો. કે. નં. ૬૧૦૪/૨૦૨૪**

**આંક – ૧૧**

**ફરિયાદી :– શ્રી સરકાર.**

વિરૂધ્ધ

**આરોપી :– ત્રિકમ ઉર્ફે ટેટા ભેરાભાઈ તોમર**
ઉ.વ. ૩૪, ધંધો–મજૂરી,
રહે. બડી ઉતવાલી, તડવી ફળિયા, તા. સોંઢવા,
જી. અલીરાજપુર, મધ્ય પ્રદેશ.

---

**ગુનો :– આર્મ્સ એકટની કલમ–૨૫(૧–બી)(એ) તથા ૨૫(૧)(એ), ૨૯(એ) તથા જી.પી. એકટની કલમ–૧૩૫ મુજબ.**

---

**–:: કમીટલ હુકમ ::–**

(૧) ફરિયાદપક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામના ફરિયાદીએ આરોપી વિરૂધ્ધ નવસારી ટાઉન પોલીસ સ્ટેશન, બી પાર્ટ ગુ.ર.નં. ૧૧૮૨૨૦૧૯૨૩૦૬૭૫/૨૦૨૩ થી આર્મ્સ એકટની કલમ–૨૫(૧–બી)(એ) તથા ૨૫(૧)(એ), ૨૯(એ) તથા જી.પી. એકટની કલમ–૧૩૫ મુજબની ફરિયાદ આપતા તે ફરિયાદના કામે પોલીસે તપાસના અંતે હાલનું ચાર્જશીટ અત્રેની કોર્ટમાં રજૂ કરતા કોર્ટના રજીસ્ટરે નોંધવામાં આવેલું છે.

(૨) સદર કામના આરોપીને સમન્સ કરતા તેઓ તેમના વિ.વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટ સમક્ષ હાજર થતા તેઓને ક્રિમિનલ પ્રોસિજર કોડની કલમ–૨૦૭ અન્વયે ચાર્જશીટ તથા તેની સાથેના પોલીસ તપાસના કાગળોની નકલો વિના મૂલ્યે આપવામાં આવેલ છે અને આરોપીની **આંક–૯** થી પ્લી લેતાં તેઓએ પોતાના બચાવ માટે પોતાના ખર્ચે ખાનગી વકીલ રાખવા માંગતા હોવાનુ જણાવેલ છે. વધુમાં આરોપીએ તે બાબતે પુરસીસ રજૂ રાખેલ છે અને જામીનદારે નામ. સેશન્સ અદાલતમાં આરોપીના જામીનદાર

તરીકે ચાલુ રહેવા માંગતા હોવા બાબતે પણ પુરસીસ રજૂ રાખેલ છે.

(૩) સદર કામે તપાસ કરનાર અમલદારશ્રીએ તપાસના અંતે આર્મ્સ એકટની કલમ–૨૫(૧–બી)(એ) તથા ૨૫(૧)(એ), ૨૯(એ) તથા જી.પી. એકટની કલમ–૧૩૫ મુજબના ગુનાનું તહોમત મુકવામાં આવેલ છે. આરોપી સામે મુકવામાં આવેલ ગુનાની હકીકત તથા તે સબબ સજાની જોગવાઈ ધ્યાને લેતા આ કેસની ઈન્સાફી કાર્યવાહી કરવાની સત્તા અત્રેની અદાલતને નથી અને સદર કેસની ઈન્સાફી કાર્યવાહી ચલાવવાની સત્તા નામ. સેશન્સ કોર્ટ પાસે છે. જે સંજોગોમાં સદર કેસ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૨૩૨ અન્વયે નામ. સેશન્સ કોર્ટ તરફ કમીટ કરવો યોગ્ય જણાતું હોય નીચે મુજબનો કમીટલ હુકમ કરવામાં આવે છે.

**<u>–:: હુકમ ::–</u>**

(૧) ફોજદારી કેસ નં. ૬૧૦૪/૨૦૨૪ નું કામ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૨૩૨ અન્વયે તમામ દસ્તાવેજી પુરાવા તથા મુદ્દામાલ સહિત નામદાર સેશન્સ અદાલત, નવસારી તરફ મોકલવા માટે સેશન્સ કમીટ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આરોપીએ તા. **૦૮–૦૪–૨૦૨૬** ના રોજ નામદાર સેશન્સ અદાલતમાં હાજર રહેવું તેવી સમજ આપેલ છે.

(૩) કેસ કમીટ કર્યા અંગેની જાણ જીલ્લા સરકારી વકીલશ્રી, નવસારીને કરવી.

હુકમ આજ રોજ તા. ૧૦મી, માહે–માર્ચ, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

તા. ૧૦–૩–૨૦૨૬
નવસારી.

**(હર્ષદભાઈ શનાભાઈ ચાવડા)**
અધિક જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,
નવસારી.
**કોડ નં.જી.જે.૦૧૫૩૪**